# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(GONG MUSIC)

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIDHANSABHA LPG

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો આજે અંતિમ દિવસ છે. ત્યારે આજે ગૃહમાં નિયમ 116 હેઠળ તાકીદની અગત્યની બાબત ગેસ, પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ચર્ચા થઈ. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં જણાવ્યું હતું કે રાજ્યમાં આવશ્યક સેવાઓ માટે ગેસ પુરવઠો જાળવી રાખવા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ગેસ કંપનીઓ દ્વારા સંકલિત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વાણિજ્યિક ગ્રાહકોને છેલ્લા દસ દિવસમાં 12 હજારથી વધુ PNG જોડાણની નોંધણી કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું, તમામ પોલીસ કમિશનરને LPG વહન કરતા વાહનોની મુક્ત હેરફેર થઈ શકે તે માટે સૂચના અપાઈ છે. શ્રી પટેલે જણાવ્યું, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. સરકારના 23 માર્ચના પરિપત્રથી પેટ્રોલ અને ડીઝલ માત્ર વાહનની ટાંકીમાં અપાય છે. ખેતી માટે 200 લીટરની મર્યાદામાં ડીઝલ આપવામાં આવે છે.

# PETROL NORMAL SITUATION

રાજ્યમાં પેટ્રોલ કે ડીઝલની અછત નથી સ્થિતિ સામાન્ય છે. સોશિયલ મીડિયા પર ફેલાયેલી અફવાઓને કારણે સ્થિતિ વણસી હતી જોકે હવે સ્થિતિ સામાન્ય થઈ ગઈ હોવાનું સુરત અને તાપી જિલ્લા પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના સંયુક્ત સચિવ અનિલ દેસાઈએ જણાવ્યું.

(બાઇટ : અનિલ દેસાઇ – સંયુક્ત સચિવ)

# BJP CORE COMMITTEE

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નિવાસસ્થાને આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કોર કમિટીની બેઠક મળી. કોર કમિટીની રચના થયા બાદ આ પ્રથમ બેઠક હતી જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને સમાન નાગરિક સંહિતા વિધેયક પસાર થયા બાદની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી.

# SURAT VGRC

આગામી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દક્ષિણ ગુજરાતના સુરત ખાતે યોજાશે. પ્રાદેશિક પરિષદ ગુજરાત રાજ્યનું મહત્વપૂર્ણ પ્રાદેશિક મંચ છે, જ્યાં ઉદ્યોગ, વેપાર અને નવીનતાના ક્ષેત્રોમાં કાર્યરત ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને નીતિનિર્માતાઓ એકત્રિત થશે. આ મંચ દ્વારા વિસ્તૃત રોકાણ, ટેકનોલોજીકલ સહકાર અને વૈશ્વિક ભાગીદારી માટે નવી તકો ઊભી થશે, જેના પરિણામે રાજ્યના ઉદ્યોગ વિકાસને નવી ગતિ મળશે.

ભરૂચ જિલ્લામાં કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ, ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ ઇન્ટરમિડિયેટ્સ, ડાયઝ અને પિગમેન્ટ, એગ્રોકેમિકલ્સ અને પેસ્ટિસાઇડ, ટેક્સટાઇલ અને ફાઇબર સહિતના વિવિધ સબ-સેક્ટર્સમાં કુલ 1394 જેટલા નાના-મોટા ઉદ્યોગો કાર્યરત છે. તેમાંના 45% થી વધુ કેમિકલ યુનિટ અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા, દહેજ, સાયખા અને વિલાયત જેવી ઔદ્યોગિક વસાહતોમાં સ્થિત છે, તેને આ પ્રાદેશિક પરિષદોથી વેગ મળશે.

# PORBANDAR MARKET YARD

પોરબંદરના યાર્ડમાં કેરીની આવક શરૂ થઈ છે. છેલ્લા 8 દિવસમાં 500 બોક્સ કેરીની આવક નોંધાઈ છે જિલ્લાના બીલેશ્વર, ખંભાળા, રાણાવાવ અને આદિત્યાણા પંથકના બગીચામાંથી કેરીની આવક થઈ હતી. યાર્ડમાં આવક થયેલ કેરીના પ્રતિકીલોના ખેડૂત અને ઇજારેદારોને રૂપિયા 260 થી 375 ભાવ મળ્યા હોવાનું વેપારી મયંક લાખાણીએ જણાવ્યું.

**(બાઈટ - મયંક લાખાણી – વેપારી)**

# RAJKOT RAILWAY

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના પીપળી મથકે 31 મે સુધી ઓખા-ભાવનગર એક્સપ્રેસ ઊભી રહેશે નહીં. ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મના નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. પીપળી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ વધારવાના ઉદ્દેશથી ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યું છે. ટ્રેન નંબર 19210 ઓખા-ભાવનગર એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ, જે અગાઉ 25 માર્ચ, સુધી રદ કરવામાં આવ્યું હતું, તે હવે લંબાવીને 31 મે, 2026 સુધી કરાયું છે.

# WEATHER

રાજ્યમાં 29 માર્ચ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની શક્યતા છે. જ્યારે 30 માર્ચે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લામાં વરસાદની આગાહી છે. 28 માર્ચની રાતથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે આ ફેરફાર જોવા મળશે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ કે દાસે જણાવ્યું હતું.

બીજી તરફ રાજ્યમાં સૌથી વધુ તાપમાન અમરેલીમાં 37.3° ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

# MAHESANA – SWAMITVA YOJANA

સ્વામીત્વ યોજના હેઠળ સર્વે ઓફ ઇન્ડિયા એજન્સી દ્વારા મહેસાણા જિલ્લા જમીન દફતર કચેરી માં નોંધાયેલા કુલ 588 ગામોમાંથી 447 ગામના પ્રમોલગેશનની કામગીરી પુરી કરવામાં આવી છે.જિલ્લામાં 1 લાખ 29 હજાર 602 મિલકતધારકોને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરાયા છે.જિલ્લાના 582 ગામના નકશાઓ તૈયાર કરીને ડીએલઆર કચેરીને મોકલી આપ્યા છે. જિલ્લા ના 503 ગામની ઓનલાઈન ડેટા એન્ટ્રી પુરી કરવામાં આવી છે.